# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

## પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ


પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ ૫૧ તારીખ: ૧૨/૨/૧૮

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG-004-011-2017-18.**

| | |
|---|---|
| અરજદાર: | એમ એલ બેલાણી. |
| | ગામ: ગાંધીધામ તા: ગાંધીધામ-જી. કચ્છ |
| રજૂઆત કરનાર: | એમ એલ બેલાણી |

::વિરુધ્ધ::

| | |
|---|---|
| સામાવાળા: | કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |
| રજૂઆત કરનાર: | એચ ડી રાખોલિયા, કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |

::ફોરમ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ. હૉલ, પી.જી.વી.સી.એલ.,વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ: | ૨.૨.૨૦૧૮ |

::અરજદારની રજૂઆત::

૧. અરજદાર શ્રી એમ એલ બેલાણી ગ્રાહક નં ૩૮૧૦૨/૦૪૫૭૧/૦ મીટર નં ૧૪૫૪૧૦૮ ઓફિસ નં ૨૧,પ્લોટ ૫૮૬ વોર્ડ ૧૨-સી માં વાણીજય હેતુનું વીજજોડાણ ધરાવે છે. ખોટા વિજબીલ સુધારવા તેમજ વીજજોડાણ રી કનેક્ટ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૨. સદર કેસની વિગત નીચે મુજબ છે.

૨.૧ શ્રી અરજદાર શ્રી એમ એલ બેલાણી ગ્રાહક નં ૩૮૧૦૨/૦૪૫૭૧/૦ મીટર નં ૧૪૫૪૧૦૮ ઓફિસ નં૨૧,પ્લોટ ૫૮૬ વોર્ડ ૧૨-સી માં વાણીજય હેતુનું વીજજોડાણ ધરાવે છે.

૨.૨ તેઓની ઓફિસ ફેબ્રુઆરી-૨૦૧૫ થી બંધ રહે છે અને તેઓ મીનીમમ ચાર્જ ના બિલ ભરપાઈ કરે છે. મે-જુન ૨૦૧૭ના વિજબીલ રૂ.૧૮૦૮/- વિજ વપરાશ ૧૫૫૪ યુનિટ મળેલ છે. તારીખ ૧૭.૦૮.૧૭ ના રોજ આ બાબતની રજૂઆત તેમણે ગાંધીધામ પેટા વિભાગીય કચેરીમાં કરેલ પરંતુ કોઈ નિરાકરણ આવેલ નથી અને તેમના વીજ વપરાશ ન હોવા છતાં પછીના વિજબીલ રૂ ૨૨૪૮/- આપવામાં આવેલ છે.

૨.૩ તારીખ ૧૪.૧૧.૧૭ ના રોજ આ બાબતની રજૂઆત તેમણે ગાંધીધામ પેટા વિભાગીય કચેરીમાં કરેલ છે પરંતુ કોઈ નિરાકરણ આવેલ નથી અને તેઓના વીજજોડાણ ડીસકનેક્ટ કરવામાં આવેલ છે.

૩. અરજદારને ફોરમ તરફથી તારીખ ૦૨/૦૨/૨૦૧૮ સુનાવણીની મુદત આપવામાં આવેલ પરંતુ તારીખ ૨.૧.૨૦૧૮ ના અરજદારએ રૂબરૂમાં નિવેદન આપેલ કે તેમને અધિકારીશ્રી તરફથી તેમની ફરિયાદ નું નિરાકરણ કરવામાં આવેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી.

:: પીજીવીસીએલની રજુઆત::

૪. શ્રી એચ ડી રાંખોલિયા , કા.ઇ. પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ લેખિતમાં અહેવાલ જીડીઓ/ટેક/સીજીઆરએફ/૧૮/૫૧૩ તા.૦૧.૦૨.૨૦૧૮ આપી જણાવેલ કે,

૪.૧ ગ્રાહક નં. ૩૮૧૦૨/૦૪૫૭૧/૦ નું મે-જુન ૧૭ મહિનામાં વિજબીલ ૨૦૦ યુનિટનું ૧૫૫૪ રીડીંગ મુજબ બનેલ હતું જે સ્થળ પર મીટર રીડીંગ ની ચકાસણી કરતા મીટર ના રીડીંગ ૧૩૫૪ હતા.

૪.૨ ગ્રાહકના ૨૦૦ યુનિટ ના એડજસ્ટમેન્ટ આપી અને વીજજોડાણ રી-કનેક્ટ કરી ગ્રાહકની ફરિયાદનું નિરાકરણ કરેલ છે જે બદલ અરજદારે સમાધાન પુરશીશમાં સહી કરેલ છે. સદર બાબત નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામએ પોતાના અહેવાલ પત્ર ક્રમાંક ગાંધીધામ/બિલીંગ/એડઝસ્ટ/૧૮/૧૯૦ તા.૧.૨.૧૮ થી ફોરમ ને જણાવેલ છે.

૪.૩ તારીખ ૨.૧.૨૦૧૮ ના અરજદારએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરીયાદ નું નિરાકરણ કરવામાં આવેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી.

::હુકમ::

૫. ગ્રાહક નં. ૩૮૧૦૨/૦૪૫૭૧/૦ નું મે-જુન ૧૭ મહિનામાં વિજબીલ ૨૦૦ યુનિટનું ૧૫૫૪ રીડીંગ મુજબ આપવામાં હતું જે પીજીવીસીએલના અધિકારીએ સ્થળ પર મીટર રીડીંગ ની ચકાસણી કરતા મીટર ના રીડીંગ ૧૩૫૪ હતા. જેથીપીજીવીસીએલએ ભૂલ સુધારી ગ્રાહકના ખાતામાં ૨૦૦ યુનિટ ના એડજસ્ટમેન્ટ આપી અને વીજજોડાણ રી-કનેક્ટ કરી ફરીયાદીનું નિરાકરણ કરેલ છે.

૫.૧ બંને પક્ષકારોની રજૂઆતો તથા અરજદારશ્રીએ સમાધાન પુરસીશ(પત્ર) લખી આપી જાહેર કરેલ છે કે ફરિયાદનું નિરાકરણ આવી ગયેલ છે અને હવે તેમની કોઈ ફરિયાદ રહેતી નથી. સબબ આ કેસમાં આગળની કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ સદર ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

૬. આથી આ મુજબ હુકમ કરવામાં આવે છે.

એન એચ જોષી
સ્વતંત્ર મેમ્બર

જે.બી. પારેખ
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯